પ્રસ્તાવના:-

પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તા મંડળના નિયંત્રણ હેઠળની માહિતી નાગરીકો મેળવી શકે તેવા માહિતીના અધિકારના વ્યવહારુ તંત્રની રચના કરવા કેંદ્રીય માહિતી પંચ અને તેની સાથે સંકળાયેલ અથવા તેની આનુષંગિક બાબતોની જોગવાઈ કરવા બાબતના માહિતીના અધિકારના કાયદો, ૨૦૦૫ નો અમલ રાજ્યમાં તા.૧૨/૧૦/૨૦૦૫થી શરૂ થયેલ છે. આ અધિનિયમ અમલમાં આવતાં માહિતી સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૨ રદ થયેલ છે અને નાગરિક નવા અધિનિયમ હેઠળ માહિતી મેળવવાને હક્કદાર થયેલ છે. અગાઉ માહિતી સ્વતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૨ અન્વયે નાગરિકો કેટલીક માહિતી મેળવી શકતા હતા, પરંતુ આ અધિનિયમની જોગવાઈઓ પર્યાપ્ત ન જણાતા માહિતીના અધિકાર બાબતનો અધિનિયમ, ૨૦૦૫ ઘડવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ લોકતંત્રમાં નાગરિકોને માહિતગાર રાખવા અને જાહેરતંત્રની કામગીરીમાં પારદર્શિતા લાવવા અને તે દ્વારા ભ્રષ્ટાચારને કાબુમાં રાખવા તેમજ સરકાર અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે અને પ્રજા તેનો હિસાબ માંગી શકે તે રહેલો છે. તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમણે અધિનિયમમાં અપવાદ કર્યો છે તે સિવાય તમામ માહિતી પૂરી પાડવા માહિતીના અધિકાર બાબતના અધિનિયમથી વિસ્તૃત કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

આદિજાતિ વિકાસ વિભાગને સ્પર્શતી માહિતી સુગમતાથી નાગરિકોને મળી રહે તે આ પુસ્તિકાનો ઉદ્દેશ રહેલો છે આ પુસ્તિકામાં વ્યકિતઓ, સંસ્થાઓ, સંગઠનો વગેરેને ઉપયોગી મહત્તમ માહિતી વિભાગ દ્વારા પ્રગટ કરવાનો હેતુ રહેલો છે.

આદિજાતિ વિકાસ વિભાગને લગતી આ મહિતી પુસ્તિકામાં નીચે જણાવેલ ૧૭ નિયમસંગ્રહમાં વિસ્તૃત માહિતી દર્શાવવામાં આવી છે. તેમજ વિભાગની વેબસાઈટ https://tribal.gujarat.gov.in ઉપર પણ આ માહિતી ઉપલબ્ધ છે. વધુમાં માહિતીના અધિકાર અધિનિયમ, ૨૦૦૫માં પ્રયોજવામાં આવેલ કેટલાંક મહત્વના જુદા જુદા શબ્દોના અર્થથી જાહેર જનતા અવગત થાય તે હેતુથી પુસ્તિકાની શરૂઆતમાં વ્યાખ્યાઓ પણ આપવામાં આવી છે.

૧. સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

૨ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

3 વિભાગે કાર્યો કરવા માટેના અધિનિયમો, નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો

૪ નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તે તેની વિગત

૫. જાહેરતંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

૬. જાહેરતંત્રના ભાગ તરીકે રચાયેલ બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

૭ જાહેર માહિતી, અપીલેટ અધિકારી નામ અને હોદ્દો અને અન્ય વિગતો

૮ નિર્ણય લેવાની પ્રક્રિયા અનુસરવાની કાર્ય પધ્ધતિ

૯. અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

૧૦ વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

૧૧. પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર

૧૨. સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

૧૩. આપેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

૧૪. કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

૧૫. વિજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

૧૬. માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગત

૧૭. અન્ય ઉપયોગી માહિતી(માહિતી મેળવવા અંગે)

આદિજાતિ વિકાસ વિભાગને સંબંધિત ઘણી ખરી માહિતી આ પુસ્તિકામાં જાહેર જનતાને સામેથી જ પુરી પાડી લોકતંત્રની કામગીરીમાં પારદર્શિતા લાવવા એક સન્નિષ્ઠ પ્રયત્ન કરવામાં આવેલ છે. આમ છતાં, આ પુસ્તિકા આખરી નથી અને જાહેર જનતાના પ્રતિભાવો, સૂચનો જણાવા બાદ દર વર્ષે આ પ્રકારની પુસ્તિકા વિભાગ દ્વારા અદ્યતન કરવામાં આવનાર છે. આશા છે કે જાહેર જનતા આ પુસ્તિકાનો મહત્તમ લાભ લેશે તેમજ જાહેર જનતા તરફથી માહિતી પુસ્તિકા સંબંધી કોઈ સૂચનો હોય તો તે આવકાર્ય છે.

આ માહિતી પુસ્તિકા સિવાયની વિભાગની કોઈ માહિતી મેળવવી હોય તે અવશ્યપણે વિભાગના જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરીને તથા જે તે માહિતી માટે સરકારે નિયત કરેલ પધ્ધતિ અનુસરીને મેળવી શકાશે.

**અગ્ર સચિવ**
**ગુજરાત સરકાર**